# વૈષ્ણવી આસ્થા અને તેની સામે ઉભરતા આધુનિક પડકારો

## (આધારપત્ર)

### (ઉપક્રમ)

દ્વૈતાદ્વૈતવાદ વિશિષ્ટાદ્વૈતવાદ દ્વૈતવાદ શુદ્ધાદ્વૈતવાદ કે અચિન્ત્યદ્વૈતાદ્વૈતવાદ ની વિવિધ દાર્શનિક અવધારણાઓની વાઙ્મુદ્રામાં પ્રકટ થતી 'વૈષ્ણવ ધર્મ' કે 'વૈષ્ણવી આસ્થા' માં સામાન્યરૂપેણ વિષ્ણુને જ કેન્દ્રવર્તી મૌલિક પરમ તત્ત્વના રૂપમાં સ્વીકારવામાં આવ્યા છે. વૈષ્ણવપુરાણોં અને વૈષ્ણવાગમોં સિવાય **"વિષ્ણુઃ ગોપા અદાભ્યો અતો ધર્માણિ ધારયન્... તદ્ વિષ્ણોઃ પરમં પદં સદા પશ્યન્તિ સૂરયઃ"** (ઋક્‌સંહિ.૧।૨૨।૧૮-૨૦) **"વિષ્ણોર્નુ કં વીર્યાણિ પ્રવોચં યઃ પાર્થિવાનિ વિમમે રજાંસિ"** (ઋક્‌સંહિ.૧।૧૫૩।૧) **"વિષ્ણુમુખાઃ વૈ દેવાઃ છન્દોભિઃ ઈમાન્ લોકાન્ અનપજય્યમ્ અભ્યજયન્"** (તૈત્તિ.આર.૧૦।૧।૧૦) જેવાં ઋગ્ યજુ આદિ વેદોંનાં વચનોંમાં પણ 'વિષ્ણુ' નામક દેવના અતિશય મહિમાવાન્ હોવાનું નિરૂપણ પણ મળે તો છે જ.

### (વૈષ્ણવી આસ્થા)

યદ્યપિ (જોકે) આધુનિક ભારતીય વિદ્યાવિદ્ વૈષ્ણવ શૈવ યા શાક્ત આદિ ધર્મ-સમ્પ્રદાયોંમાં પરમતત્ત્વતયા સમાદત વિષ્ણુ શિવ યા શક્તિ આદિ દેવતાઓંને વૈદિક અધિદેવ નહિં માનીને પૌરાણિક અધિદેવ માને છે. પરન્તુ પારમ્પરિક દૃષ્ટિકોણ આ વિષયમાં વેદ અને પુરાણો ની વચ્ચે આટલું અધિક અન્તર સ્વીકારવાનો ન હતો. અતએવ વેદપ્રતિપાદિત અથવા પુરાણપ્રતિપાદિત દેવતાઓંની બાબતમાં ન તો એકાન્તિક અભેદ કે ન એકાન્તિક ભેદ જ માનવામાં આવતો હતો. અતએવ અમરકોષમાં પણ વૈદિક 'વિષ્ણુ' 'ત્રિવિક્રમ' 'નારાયણ' નામોંની જેમજ 'કૃષ્ણ' 'વાસુદેવ' 'દેવકીનન્દન' આદિ પૌરાણિક નામોં પણ એક જ દેવના વિભિન્ન પર્યાયવાચી નામ માનવામાં આવ્યા છે.

ઋક્‌સંહિતાને જ પકડી ને ચાલીએ તો વળી એક બીજો પણ વિલક્ષણ પક્ષ ઉભરીને સામે આવે છે. યથા : **"એકં વા ઈદં વિ બભૂવ સર્વમ્"**(ઋક્‌સંહિ.૮।૫૮।૨), **"ઈન્દ્રં મિત્રં વરુણમ્ અગ્નિમ્ આહુઃ... એકં સદ્ વિપ્રાઃ બહુધા વદન્તિ અગ્નિં યમં માતરિશ્વાનમ્ આહુઃ"**(ઋક્‌સંહિ.૧।૧૬૪।૪૬), **"ત્વમ્ અગ્ને વરુણો જાયસે યત્, ત્વં મિત્રો ભવસિ યત્ સમિદ્ધઃ, ત્વે વિશ્વે સહસસ્પુત્ર દેવાઃ, ત્વમ્ ઈન્દ્રો દાશુષે મર્ત્યાય"**(ઋક્‌સંહિ.૫।૨।૧) **"યો દેવાનાં નામધા એકએવ"** (ઋક્‌સંહિ.૧૦।૮૨।૩) વેદના આ વિધાનોંપર કેવળ દૃષ્ટિપાત કરવાં માત્રથી આટલું તો સરલતાથી સમજાય જાય છે કે આરંભથી જ ન તો આપણે સંસ્કૃતિવિહીન પ્રકૃતિપૂજાવાદી (paganistic) હતા, ન બહુદેવવાદી (polytheistic) હતા અને ન એકદેવવાદી યા મેક્સમૂલરોક્ત એકદેવાશ્રયવાદી (monotheistic/henotheistic)જ.

આપણેં તો **"યસ્ય ત્રયસ્ત્રિંશદ્ દેવાઃ અંગે ગાત્રા વિભેજિરે તાન્ વૈ ત્રયસ્ત્રિંશદ્ દેવાન્ એકે બ્રહ્મવિદો વિદુઃ"** (અથ.સંહિ.૧૦।૭।૧૬) **"યદ્ વૈ કિઞ્ચ અનૂક્તં તસ્ય સર્વસ્ય 'બ્રહ્મ' ઈતિ એકતા"** (બૃહ.ઉપ.૧।૫।૧૭) આ વેદવચનોંનું અનુસરણ કરવાવાળા બ્રહ્માદ્વૈતવાદી હતા, જે એકમેવ અદ્વિતીય બ્રહ્મનાં અનેક નામ અને અનેક રૂપ અને તે અનેક નામ-રૂપોંની જેમ અનેક પ્રકારની આરાધનાઓંના અનુમોદક અર્થાત્ કોઈ સ્પર્ધા-કલહ વગર સ્વીકાર કરવાવાળા હતા. અતએવ જે દેવતાના યજ્ઞ-હોમાદિ કર્મ, પૂજન, જપ, ધ્યાન, પ્રાર્થના કે ભક્તિ આદિ આરાધનાનાં પ્રકારોંને અનુસરણાર્થ આપણેં અપનાવતા હતાં, તે આરાધનાની રીતિમાં પોતાનાં ઈષ્ટદેવના પ્રતિ અનન્યશ્રદ્ધા કે અનન્યાશ્રય ની ભાવના રાખતાં હોવાં છતાં પણ બીજાની અસ્વીકૃતિ કે અવહેલના કરવાવાળા આપણે નહોતા. પોતાનાં ઈષ્ટદેવના નામથી પૃથક્ કે ઈષ્ટદેવરૂપથી પૃથક્ અથવા તેમની

આરાધનાની રીતિથી પૃથક્ પણ કોઈ અન્ય નામવાળા દેવરૂપની આરાધનાની અન્ય રીતિ આપણીં અન્દર અસહિષ્ણુતા સ્પર્ધા કે ધર્માન્તરણ ની ઉદ્દામ આકાંક્ષાને પ્રબળ નહોતી બનાવતી. જેમ કે વૈદિક નિરુક્તકાર કહે છે :

''યદ્દેવઃ સ યજ્ઞો વા યજ્ઞાંગં વા તદ્દેવતા ભવતિ... અપિવા કામદેવતા સ્યાત્... અપિહિ અદેવતા દેવતાવત્ સ્તૂયન્તે... મહાભાગ્યાદ્ દેવતાયાઃ એકએવ આત્મા બહુધા સ્તૂયતે. એકસ્ય આત્મનો અન્યે દેવાઃ પ્રત્યંગાનિ ભવન્તિ... પ્રકૃતિસાર્વનામ્ન્યાત્ ચ. ઈતરેતરજન્માનો ભવન્તિ ઈતરેતરપ્રકૃતયઃ, કર્મજન્માનઃ આત્મજન્માનઃ... તાસાં મહાભાગ્યાદ્ એકૈકસ્યાઅપિ બહૂનિ નામધેયાનિ ભવન્તિ, અપિવા કર્મપૃથક્ત્વાત્... અપિવા પૃથગેવ સ્યુઃ પૃથગ્ધિસ્તુતયો ભવન્તિ''.

(નિરુ.૭।૧૪-૭।૨૬).

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય પણ અતએવ 'બાલબોધ' નામક લઘુકાય ઉપદેશગ્રન્થમાં મોક્ષ પુરુષાર્થના [૧]સ્વતોમોક્ષ અને [૨]પરતોમોક્ષ એમ બે મૂલ પ્રભેદ પ્રતિપાદિત કરે છે. આ બન્નેનાં ચાર : [૧/ક]સાંખ્યશાસ્ત્રીય વિવેક-બાહ્યત્યાગ અને વૈરાગ્ય થી લભ્ય સ્વતોમોક્ષ [૧/ખ]યોગશાસ્ત્રીય યમનિયમાદિ-ધ્યાનધારણાસમાધિથી લભ્ય સ્વતોમોક્ષ [૨/ક]શૈવાગમોક્ત શિવની આરાધનાથી પ્રાપ્ત થતો પરતોમોક્ષ [૨/ખ]વૈષ્ણવાગમોક્ત વિષ્ણુની આરાધનાથી પ્રાપ્ત થતો પરતોમોક્ષ આમ અવાન્તર ઉપભેદોને પણ સ્વીકારે છે. આવી જ રીતે 'તત્ત્વાર્થદીપનિબન્ધ' નામક ગ્રન્થનાં સર્વનિર્ણય પ્રકરણમાં મહાપ્રભુ વૈદિક કર્માનુષ્ઠાનથી લભ્ય આત્માનન્દાનુભૂતિરૂપ મોક્ષ, ઔપનિષદિક બ્રહ્મની ઉપાસના-ધ્યાન આદિથી પ્રાપ્ય બ્રહ્મજ્ઞાનલભ્ય બ્રહ્માનન્દાનુભૂતિરૂપ મોક્ષ ને પણ માન્ય કરે જ છે. તે જ રીતે માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદઢસર્વતોધિક સ્નેહરૂપા ભાગવતી પ્રેમલક્ષણા ભક્તિ અને તેને પ્રાપ્ત કરવાનાં નવધા ભક્તિના ઉપાયોંના અનુષ્ઠાનથી લભ્ય ભજનાનન્દને પણ માન્ય કરેં છે. સાથો સાથ મહાપ્રભુએ પોતાનો આ અભિપ્રાય પણ સ્પષ્ટ કર્યો છે કે સકામભક્તિ તો પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણના પણ ભજનીય સ્વરૂપની ક્ષુદ્રદેવતાના રૂપમાં પદાવનતિની હેતુ બની જાય છે; અને અન્યાન્ય વિભૂતિરૂપ દેવતાઓંનું પણ બ્રહ્માદ્વૈતબુદ્ધિદ્વારા કરવામાં આવતું ભજન તે દેવતાઓંનેં મોક્ષપ્રાપક બનાવી દે છે.

એકેશ્વરવાદ કે અનેકેશ્વરવાદ ના બે વિરોધી ગુટોંમાં વહેંચાયેલી આસ્થાઓંની વચ્ચે ચાલતાં ઝઘડામાં આપણી વ્યાપક લચીલી પ્રજ્ઞા ક્યારે પણ સંડોવાયેલી નહોતી. આથીજ આપણીં આધિદૈવિકી આસ્થાનું પણ આવું વ્યાપક અને લચીલું સ્વરૂપ પ્રકટ થઈ શક્યું. આપણી આસ્થાના સ્વરૂપની તાદાત્મ્યનિયતિમાં આપણેં પશ્ચિમી તર્કશાસ્ત્રમાં સમાદત આધારભૂત ત્રણ તર્કનિયમોંનાં અન્તર્ગત દ્વિતીય અવ્યાઘાતનિયમ અને તૃતીય મધ્યપાતિવ્યાવર્તકનિયમ ક્યારેય સ્વીકરણીય નથી લાગ્યાં. આપણનેં ક્યારેય એવું નહોતું સુઝતું કે એક આસ્થા સત્ય હોય તો બીજી આસ્થા અવશ્ય મિથ્યા જ હોવી જોઈએ; અથવા બે વિરોધી આસ્થાઓ એકી સાથે સત્ય હોય જ ન શકે. અતએવ પોત-પોતાનાં અનુષ્ઠેય કર્મોંનાં અન્તર્ગત કોઈ દેવનું એકમાત્ર અધિષ્ઠાતા હોવું કે અનેક દેવતાઓંનું કોઈ કર્મમાં સમુચ્ચય કે વિકલ્પ કે અન્વાચયવાળો ગૌણમુખ્યભાવ હોવો તે કોઈ દેવતાઓંના પ્રતિ અપરાધી કે વિદ્રોહી હોવાની આત્મગ્લાનિથી આપણને ભરી ન શક્યો. અતએવ અન્ય આસ્થાઓંને દંડનીય કે ધર્માન્તરણીય પ્રમુખ કર્તવ્ય બનાવવાવાળા અસહિષ્ણુ દેવની સાથે જોડાયેલી આસ્થાઓંની જેમ આપણી આસ્થા ક્યારેય પણ અન્યાન્ય ધર્માનુષ્ઠાનોંની વિવિધરૂપતાની નિરાસિકા બની ન શકી.

આ વિષયમાં આપણી આસ્થાનું સ્વરૂપ અને તેની પ્રક્રિયા ના નિરૂપક કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીય સંહિતાના આ ત્રણ વચન પ્રકાશ પાથરે છે :

[૧]''નમો દેવેભ્યઃ!' ઈતિ આહ યાઃ ચૈવ દેવતા યજતિ યાઃ ચ ન, તાભ્યએવ ઉભયીભ્યો નમસ્કરોતિ આત્મનો અનાર્ત્યૈ'' (તૈત્તિ.સંહિ.૨।૬।૯).

[2]"હુતાદો વા અન્યે દેવાઃ અહુતાદો અન્યે. તાન્ અગ્નિચિદેવ ઉભયાન્ પ્રીણાતિ" (તૈત્તિ.સંહિ.પા૩।૫).

[3]"યો વા અયથાદેવતમ્ અગ્નિં ચિનુતે આ દેવતાભ્યો વૃશ્ચ્યતે પાપીયાન્ ભવતિ, યો યથાદેવતં, ન દેવતાભ્યઃ આ વૃશ્ચ્યતે વસીયાન્ ભવતિ" (તૈત્તિ.સંહિ.પા૭।૧).

આ વચન આમ તો શ્રૌતકર્મકાંડીય દેવતાઓંના સન્દર્ભમાં કહેવાયેલાં છે પરન્તુ તેમને વૈષ્ણવપૌરાણિક કે વૈષ્ણવતાન્ત્રિક ધ્યાનોપાસના શરણાગતિ કે ભક્તિભાવનાં આલમ્બન બનતાં વિભિન્ન આધિદૈવિક રૂપોંની બાબતમાં પણ લાગૂ કરવાથી તે-તે દેવરૂપોંની પૂજાના માટે કે દેવનામોંના જપના માટે પણ અપનાવી શકાય છે. ન કેવલ પઞ્ચદેવોપાસક બલ્કે વૈષ્ણવ શૈવ શાક્ત આદિ એકદેવોપાસકોંની આસ્થાઓની પણ બાબતમાં અપનાવી શકાય.

આ જ વાત દેવતાઓંના પુરુષવિધ (anthropomorphic) કે અપુરુષવિધ (non-anthropomorphic) અર્થાત્ સાકારેશ્વરવાદ કે નિરાકારેશ્વરવાદ ના ઝઘડામાં પણ ખરી ઠરે છે. ફલસ્વરૂપ આપણે ભારતીયોંને પહેલાં ક્યારેય પણ આ પ્રકારની સમસ્યાઓંના સાથે મુકાબલો કરવા બાધિત નહોતું થવું પડ્યું. અતએવ નિરાકારેશ્વરવાદી ન્યાયમત એવં શાંકરવેદાન્ત ની જેમ જ સાકારેશ્વરવાદી વૈષ્ણવ-શૈવ વેદાન્તોં ની વચ્ચે બહુધા શાસ્ત્રાર્થ ચાલતા હોવા છતાંય આ સમસ્યાએ આવું વિકરાળ રૂપ ક્યારેય પણ ધારણ નહોતું કર્યું કે કોઈ એક આસ્થા દ્વારા બીજી આસ્થાના મઠ-મન્દિરોંને તોડી દેવા કે મૃત્યુદંડના અધિકારી માની લેવા કોઈને આવશ્યક લાગ્યું હોય!

### (વૈષ્ણવી આસ્થાની સામે પ્રકટ થયેલા પડકારો)

છતાંપણ આજે આપણી નવી પેઢીની આસ્થામાં ન તો આવી વ્યાપક લચીલાપણું લીધેલ સ્વધર્મનિષ્ઠા ઝલકે છે; અને ન સ્વીય કે પરકીય ધર્મોંના અનુસરણ કે અનનુસરણ નો જ કોઈ રાગદ્વેષાતિરેક દેખાય રયો છે. આ તથ્ય ઉડીનેં આંખેં વળગે છે જ કે પોત-પોતાનાધર્મ-સમ્પ્રદાયોં અને દેવ-આરાધનાઓં ની બાબતમાં શ્રદ્ધાભાવ વર્તમાનમાં કાંઈક વધેલો હોય તેવું જોવા મળે છે છતાંય આવી કોઈ પણ આસ્થામાં એકનિષ્ઠ ન થવું તે જ આજની ફેશન બનતી જાય છે. આ ફેશનના કારણે બહુધા કોઈ એક ધર્મ-સમ્પ્રદાયના સંકીર્ણ દાયરામાં પ્રતિબદ્ધ થવું એ તો કેદમાં ફસાઈ જવા જેવી વાત લાગતી હોય તેવું લાગે છે. કોઈક અલ્પસંખ્યાક અનુગામી આ રીતે પ્રતિબદ્ધ થવા ચાહતા પણ હોય તો આધુનિક જીવનપ્રણાલી તેમનેં અનુકૂલ ન લાગતી હોવાને કારણે કાં તો તેઓ સમાજની મુખ્યધારાથી છુટ્ટા (વિખુટા) પડી જાય છે. અથવા તેમની સાથેનાં લોકોને ભીતિ સતાવવા લાગે છે કે આવા વ્યક્તિ પ્રતિગામિતાવાદની અસ્વસ્થ મનોવૃત્તિના તો કયાંય શિકાર નથી થઈ ગયા!

અતઃ આવા ભૂતકાલીન શ્રેષ્ઠ આદર્શને વર્તમાનમાં નભાવવો કે તોડી જ દેવો? અથવા આ પ્રકારની આસ્થાની જે કાંઈ ભવિતવ્યતા હોય તેને તેના ભરોસે છોડીને તેને આપણી ઉપેક્ષાનો વિષય બનાવી દેવા જોઈએ? કેમકેં આપણી આવી વ્યાપક અને લચીલી આસ્થાની સાથો-સાથ આપણને જ્યારે ભિન્ન આસ્થાવાળા લોકોના સમ્પર્કમાં અનેક પ્રકારની આવશ્યકતાઓંને કારણે આવવા કે રહેવા માટે વિવશ થવું પડે છે ત્યારે તેમને આપણી આસ્થા કાં તો આસ્થાહીનતા જેવી કે વ્યવસ્થાવિહીન હાસ્યાસ્પદતા જ લાગે છે. ક્યારેક આવી આસ્થા આપણી નબળાઈ પણ લાગે છે. આવી સ્થિતિમાં તેઓની સમક્ષ આપણી આસ્થાનો પ્રકટ સ્વીકાર કરવો અથવા સમ્બન્ધોંમાં અન્તરાય ન પડી જાય તેવા સંકોચવશ આપણી આવી આસ્થાની ઉપેક્ષા જ કરી દેવી?

આવા અનેક પ્રશ્નો આપણી આસ્થાની સામેં આજે ગમ્ભીર પડકારનાં રૂપમાં આવી ઉભા છે.